**-: આંક-૧ લગત હુકમ :-**

૧. આજ રોજ કેસ રેકર્ડને ધ્યાને લેતાં, આરોપી વિરૂધ્ધ સમન્સ પ્રકારનો કેસ છે. આરોપીને પ્રોસેસ ઈસ્યુ કરવા છતાં તે બજે અથવા વગર બજે પરત આવેલ નથી.

૨. ગુજરાત સ્ટેટ લીગલ સર્વીસીસ ઓથોરીટીનાં પત્ર નં.૧૯૩/૧૭ તા.૨૦/૦૧/૧૭ ના પરિપત્ર ધ્વારા સ્પેશિયલ સીટીંગનું આયોજન કરી , કેસોનો નિકાલ કરવાનું જણાવવામાં આવેલ છે.

**કલમ :-૨૫૮, કેટલાંક કેસમાં કાર્યવાહી બંધ કરવાની સત્તા.**

**ફરિયાદ પરથી દાખલ થયેલા હોય** તે સિવાયનાં કોઈ **સમન્સ-કેસ**માં પ્રથમ વર્ગના મેજીસ્ટ્રેટ અથવા ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટની પૂર્વ મંજૂરીથી અન્ય કોઈ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ, ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને **કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકશે** તથા મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ આવી કાર્યવાહી બંધ રાખવામાં આવી હોય, તો નિર્દોષ ઠરાવી છોડી મુકત કરતો ચુકાદો ઘોષિત કરી શકશે તથા અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે તથા આવા છૂટકારાથી બિનતહોમત મુકત કરવામાં આવે તેવી, અસર થશે.

૩. આમ, આ કલમ વંચાણે લેતાં સ્પષ્ટ છે કે, ફરિયાદદ પરથી દાખલ થયેલાં હોય તે સિવાયના કોઈ સમનસ કેસમાં આ અદાલતે ચુકાદો ઘોષિત કર્યા સિવાય તેનાં કારણો નોંધીને કોઈ પણ તબકકે કાર્યવાહી બંધ રાખી શકવાની સત્તા આપવામાં આવેલ છે. વધુમાં જો મુખ્ય સાહેદોનો પુરાવો નોંધ્યા બાદ કાર્યવાહી બંધ રાખવામાં આવે, તો આરોપીને નિર્દોષ ઠરાવી, મુકત કરવો જોઈશે અને જો અન્ય કોઈ કિસ્સામાં આરોપીને છોડી મૂકશે અને આવા છૂટકારાથી બિન-તહોમત મુકત કરવામાં આવે, તેવી અસર થશે. આ કલમ પરથી એ પણ સ્પષ્ટ થાય છે કે, જયારે મુખ્ય સાહેદોનો પુરાવો લેવાયો ન હોય, તેવી અસલ થાય છે અને તે કારણે આરોપી સામે ભવિષ્યમાં નવેસરથી કાર્યવાહી આગળ ચલાવી શકાય અને ત્યારે આરોપી સામે ફોજાદરી કાર્યરીતી અધિનિયમ કલમ-૩૦૦(૧) અને (૫) નો બાધ આવશે નહીં. વધુમાં આ કલમથી અદાલતને પ્રોસીડીંગ રિવાઈવ કરવાની પણ સત્તા આપવામાં આવેલ છે.

૪. આમ, ઉપરોકત કાયદાકીય જોગવાઈ તેમજ વર્તમાન આરોપી સામેનું સમગ્ર ચાર્જશીટ ધ્યાને લેતાં સમન્સ ટ્રાયેબલ ગુનાનો આક્ષેપ છે. હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી , ફરિયાદ કલમ-૨(ઘ) પરથી શરૂ થયેલ નથી. રેકર્ડ જોતાં, આરોપીને પ્રોસેસ કરવા છતાં બજેલ કે વગર બજે પરત આવેલ છે/નથી. એવા સંજોગોમાં હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી કાયદા મુજબ આગઈ ચાવવી ન્યાયના હિતમાં ઉચિત જણાતી ન હોઈ, નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**-: હુકમ :-**

હાલના કેસની ઈન્સાફી કાર્યવાહી, ફોજદારી કાર્યરીતી અધિનિયમની કલમ-૨૫૮ હેઠળ બંધ રાખી આરોપીને છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

અપીલી સમય પૂરો થયા બાદ કિંમતી મુદ્દામાલ સંબંધે અલગથી ઈન્કવાયરી કરવી અને બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવો. અગાઉ થયેલ મુદ્દામાલનો હુકમ કાયમ રાખવામાં આવે છે.

(એચ.એન.દેસાઈ)

સ્થળ:-અમદાવાદ.
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,

તા.૨૨/૦૪/૧૮
કોર્ટ નં. ૧૪, અમદાવાદ.

VB VALA PA

**(GJ 00738)**